# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૯ • ૧૫ માર્ચ ૨૦૨૪ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહારની બાળ કેળવણીનું અભિવાદન




બાળ શિક્ષણ ક્ષેત્રે ગુજરાતમાં નોંધપાત્ર યોગદાન આપનાર સિસ્ટર નિવેદીતા સ્કૂલના રાજકોટના ઉપક્રમે યોજાયેલ શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ શિશુવિહાર સંસ્થાની બાળ પ્રવૃત્તિના શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટને એનાયત થયો છે. તારીખ ૧૩ મંગળવાર સવારે રાજકોટમાં યોજાયેલ સમારોહમાં






રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી મહારાજના વરદ હસ્તે પ્રતિવર્ષ ૩૦૦૦થી વધુ બાળકોને જીવન શિક્ષણ સાથે જોડનાર શ્રી પ્રીતિબહેન ભટ્ટનું રૂપિયા ૨૧,૦૦૦/- સ્મૃતિપત્ર તથા અભિવાદન લેખથી સન્માન થયું હતું. યુવા પ્રગતિ અમેરિકાના વિશેષ સહયોગથી યોજાયેલ ઉપક્રમમાં ભાવનગરની શૈક્ષણિક ઓળખને વિસ્તારનાર શિશુવિહાર સંસ્થાના કાર્યકરના અભિવાદન પ્રસંગે સન્માન સમારોહના અતિથિ વિશેષ ડૉ.નાનકભાઈ ભટ્ટ એ સમાજ ઘડતર માટે બાળ શિક્ષણની અનિવાર્યતા વિષયે મનનિય વિચારો મુકયા હતાં, તેમજ શિશુવિહારની બાળ કેળવણીનાં અભિવાદન માટે શ્રી ઉષાબહેન ગુલાબભાઈ જાની પ્રત્યે આભાર અને આદર વ્યક્ત કર્યો હતો.

## શિશુવિહારનું અભિવાદન






ગુજરાત રાજ્યના સંકલિત મહિલા અને બાળ વિકાસ વિભાગનાં અમદાવાદ ઝોન દ્વારા આયોજિત સૂપોષિત ગુજરાત વિષયે રાજ્ય સ્તરીય વર્કશોપ તારીખ ૨૮ ફેબ્રુઆરીએ યોજાઈ ગયો. ગાંધીનગરમાં ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થના મેમોરિયલ હોલમાં યોજાએલ સમારંભમાં રાજ્યના ૧૦ જિલ્લા અને ૩ મહાનગરપાલિકાઓના પ્રોગ્રામ ઑફિસર, સી ડી પી ઓ, મુખ્ય સેવિકાઓ આંગણવાડીનાં કાર્યકર બહેનો હાજર રહયાં હતાં.

આ પ્રસંગે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારની આંગણવાડીને મદદરૂપ થતી ગુજરાતની ૧૫ સંસ્થાઓના પ્રતિનિધિઓને વિશેષ આમંત્રણથી ઉપસ્થિત રાખવામાં આવેલ, તેમજ રાજ્યની આંગણવાડીમાં ઉદ્યોગો તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ કઈ રીતે પોતાનો સહયોગ આપ્યો છે તેની જાણકારી અપાઈ હતી. આ ઉપક્રમે બાળ વિકાસના હેતુને સબળ કરવા માટે છેલ્લાં ૧૨ વર્ષથી કાર્યરત અને શહેરની ૩૧૬ આંગણવાડીનાં શિક્ષકો સાથે કામ કરતી ભાવનગરની સેવાભાવી શિશુવિહાર સંસ્થાનું અભિવાદન આઈ.સી.ડી.એસ.ના અમદાવાદ રિજિયોનના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ઈલાબા





તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

પ્રકાશન સ્થળ

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

રાણાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨-૨૩ માં શિશુવિહાર દ્વારા શહેરની ૨૦૦ આંગણવાડીના ૬૦૦૦ બાળકોને શિશુવિહારમાં નિમંત્રણ આપી પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી રહી છે તે કાર્યક્રમની પણ નોંધ લેવામાં આવી હતી. સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ પૂર્વ પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ યોજના અંતર્ગત એગ્રોસેલ તથા નિલેશ પ્રફુલભાઈ સૂચકના વિશેષ સહકારથી યોજાયેલ કાર્યક્રમમાં શ્રી હીનાબેન ભટ્ટે ઉપસ્થિત રહી સન્માન સ્વીકાર્યું હતું.

## શેઠ પરિવારના સૌજન્યથી યોજાએલ ફીઝીયોથેરાપી કેમ્પ



ભાવનગર શહેરની સહજાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીયોથેરાપી તથા શિશુવિહાર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ હાડકા અને મસલ્સના દુખાવા ધરાવતા પેશન્ટ માટેનો કેમ્પ યોજાય ગયો. શ્રી જયશ્રીબહેન પ્રકાશભાઈ શેઠ પરિવારના સહકારથી વર્ષ ૨૦૧૮થી ચાલતા અને પ્રતિવર્ષ ૫૪૦૦ દર્દીઓની સેવા આપતા ફીઝીયોથેરાપી - ફિટનેસ સેન્ટરના ઉપક્રમે યોજાએલ તપાસ કેમ્પનો ૧૦૮ દર્દીઓએ લાભ લીધો હતો. સહજાનંદ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ.પ્રિયંકાબહેન નાયર તથા નિષ્ણાત ડૉ.ભાવિકાબહેન હરિયાણીની નિગરાની હેઠળ દર્દીઓને સારવાર તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી હિનાબહેન ભટ્ટે કર્યું હતું.



## પગરખાનું વિતરણ




શ્રીમતી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ પરિવારના સૌજન્યથી જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોને ચંપલ વિતરણ કરવામાં આવ્યું. અશક્તાશ્રમ નડિયાદથી ખાસ જરૂરિયાતમંદ શ્રમિક બહેનો માટે માપ અનુસાર તૈયાર કરેલ ચંપલ ઉનાળાના પ્રારંભે અત્યંત ઉપયોગી સાધન બની રહે છે, ત્યારે સહજાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીયોથેરાપીના પ્રિન્સિપાલ ડૉ.પ્રિયંકાબહેન નાયર, ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ.શ્રી અભિલાષા બહેન સોનપાલ, ડૉ.ભાવિકાબહેન હરિયાણીની ઉપસ્થિતિમાં ૩૦૦ બહેનોને તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ પગરખાં વિતરણ કરવામાં આવ્યું.. સમગ્ર કાર્યક્રમનું સંકલન સંસ્થાના કોડીનેટર શ્રી અનિલભાઈ બોરીચા તથા શ્રી પરેશભાઈ પાઠક એ કર્યું હતું. ઉનાળાની ઋતુનો પ્રારંભ થતાં જરૂરિયાતમંદ નાગરિકોને સતત સાતમા વરસે પગરખાનું વિતરણ કરનાર શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહનો શિશુવિહાર સંસ્થા આભાર માને છે.

**શ્રી ઉષાબહેન ચંદ્રવદનભાઈ શાહ પરિવાર તરફથી સતત ૯માં વર્ષે ઉનાળાનાં પ્રારંભે ગરીબ પરિવારો માટે મળતી સાધન સહાય માટે સંસ્થા શ્રી ચંદ્રવદનભાઈ શાહ નો આભાર માને છે.**

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરઃ



વિવિધ ફળનું પ્રદર્શન



વિવિધ ફળોનો પરિચય



વૈજ્ઞાનિક પ્રયોગ



માટી કામ

•માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૮૦ રહી હતી, જેમાં ૪ બાળકોનાં જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમૂહ ભાવના કેળવવાના હેતુથી સમૂહ પ્રવૃત્તિમાં કસરતના દાવ, વૈજ્ઞાનિક પ્રયોગ,શાંતિપ્રિય રમતો, માટીકામ કરાવેલ. બાળવયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુસર પેરાશુટનું નિદર્શન, ફુવારા, કૃત્રિમ વરસાદ, હેલીકોપ્ટર જેવા પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ ફળનું પ્રદર્શન ગોઠવેલ. આ પ્રદર્શનના લાભાર્થી બાળકો અને વાલીઓની કુલ સંખ્યા ૯૦ રહી હતી. તારીખ ૯ એ શૈક્ષણિક સાધન પ્રદર્શન, વાલીસભા અને જાગૃતવાલીને પુસ્તકાલય સાથે જોડવા માટે પુસ્તકાલયની મુલાકાત ગોઠવવામાં આવેલ. જેમાં ૬૫ વાલીઓ જોડાયા હતા.માસ દરમિયાન નંદકુવરબા મહિલા કૉલેજના સમાજકાર્ય વિભાગના અનુસ્નાતક બહેનો તેમજ વિર સાવરકર શાળાના ૮૦ બાળકોએ શિશુવિહાર અને બાલમંદિરની શૈક્ષણિક મુલાકાત લીધેલ. ફેબ્રુઆરી માસ દરમિયાન સ્વ. નિરવની સ્મૃતિમાં શ્રી હસમુખભાઈ ગાંધી તેમજ આહાનભાઈ તરફથી બાળકોને પોષક નાસ્તાની સહાય મળી છે. જે માટે સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલકઃ શ્રી અંકિતાબહેન ભટ્ટ



## આરોગ્ય

### ૪૮૦ તથા ૪૮૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ









શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૬૯ જરૂરીયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર મળી.સ્વ.શ્રી હીરાલક્ષ્મી ચંદ્રશંકર મહેતાનાં સ્મરણાર્થે ૪૮૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાય ગયો. તેમજ સ્વ. શ્રી કિશોરભાઈ નટવરલાલ ભટ્ટના સ્મરણાર્થે શ્રી ધનંજયભાઈ કિશોરભાઈ ભટ્ટ પરિવારની ઉપસ્થિતિમાં ૪૮૧ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૩ ફેબ્રુઆરીનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૬૯ દર્દીઓની આંખ તપાસ ડૉ.હિરવા બહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મિનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૨૮ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે સાથો સાથ દર્દીઓના ૧૬ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દર્દી દેવોભવની' ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

# નિરમા ઉદ્યોગના સહકારથી કાંઠા વિસ્તારની આંગણવાડીમાં પોષક આહાર વિતરણ : ફેબ્રુઆરી માસનો અહેવાલ



બાળરોગ ચિકિત્સકો અને વૈજ્ઞાનિકોના મતે ૩ વર્ષથી ૬ વર્ષનો સમયગાળો બાળકોનાં વિકાસ અને વૃદ્ધિમાં સૌથી વધુ અસરકારક હોય છે. આ સમયે બાળકોને પૌષ્ટિક આહાર મળે તે અનિવાર્ય છે. બાળકો માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા સૂચવવામાં આવેલ ડોઝ મુજબ શિશુવિહાર સંસ્થા તથા નિરમા લિમિટેડ દ્વારા ખાડી વિસ્તારના ૧૦ પછાત ગામોના ૨૫૮ બાળકોને અઠવાડિયામાં ચાર વખત ૫૦ ગ્રામ પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે. આ માટે શીંગ, ચણા, ગોળ, તેલ અને આયર્ન, ફોલિક, વિટામિન સાથે તૈયાર કરેલ ખાસ મિશ્રણના ૫૦ ગ્રામના એક ભાગમાં ગ્લુકોઝ, કાર્બોહાઈડ્રેટસ પણ હોય છે. ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની નર્મદ, કાળાતળાવ-૧, કાળાતળાવ-૨, કાળાતળાવ-૩, જશવંતપુરા, ગણેશગઢ, માઢીયા-૧, માઢીયા-૨, ખેતાખાટલી સહિત દર મહિને ૯ આંગણવાડીનાં કુપોષિત બાળકોને ચાર તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૨૬૩૧૬ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૧૦૨ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે. નિરમા લીમિટેડની સ્વાસ્થ્યલક્ષી પ્રવૃત્તિ માટે આંગણવાડીના બાળકો અને શિક્ષકો આભાર વ્યક્ત કરે છે.

સંકલન : હિનાબહેન ભટ્ટ



# પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત ફેબ્રુઆરી માસમાં ૪૨ આંગણવાડીના ૬૦૪ બાળકોએ શિશુવિહાર કેન્દ્રમાં આવી જીવન શિક્ષણ તાલીમ મેળવેલ બાળકોની સંકલિત વિગત

ફેબ્રુઆરી માસમાં તાલીમ ક્રમ ૧૦૫ થી ૧૧૭ અંતર્ગત શહેર ઘટક-૨ના આંગણવાડી તાલીમની સંકલિત વિગત :

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા | વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓલ્ડ કુંભારવાડા | ૩૭,૩૮,૩૯,૪૦ | ૫૨ | વડવા વોશિંગઘાટ | ૭૩,૭૪,૭૬ | ૪૩ |
| ઓલ્ડ કુંભારવાડા | ૪૧,૪૨,૪૩ | ૫૨ | વડવા વોશિંગઘાટ | ૮૦,૯૧,૯૨ | ૩૯ |
| ઓલ્ડ કુંભારવાડા | ૩૨,૩૪,૩૫,૩૬ | ૩૮ | ન્યું કુંભારવાડા | ૯૪,૯૫,૯૬ | ૪૭ |
| ઓલ્ડ કુંભારવાડા | ૫૨,૫૩,૫૪,૫૫,૫૬ | ૫૧ | ન્યું કુંભારવાડા | ૨૯,૯૭,૯૮ | ૪૬ |
| ઓલ્ડ કુંભારવાડા | ૫૭,૫૮,૫૯,૬૩ | ૪૬ | ન્યું કુંભારવાડા | ૧૦૨,૧૦૩,૧૦૪ | ૫૦ |
| ઓલ્ડ કુંભારવાડા | ૬૦,૬૧ | ૫૧ | ન્યું કુંભારવાડા | ૧૦૬,૧૦૭,૧૦૮ | ૪૫ |
| ઓલ્ડ કુંભારવાડા | ૬૨,૬૪ | ૪૪ | કુલ | | |

-સંકલન : પ્રીતિબહેન ભટ્ટ

**એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ તાલીમમાં શહેરની ૨૬૫ આંગણવાડીનાં ૪૫૨૫ બાળકોએ જીવન શિક્ષણ તાલીમ લીધી છે. જે નોંધનીય બને છે.**



# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



ફેબ્રુઆરી માસમાં સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન ક્રિડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. જેઓને આયોજન અનુસાર ખારોપાઠ, બેઠી રમતો તેમજ લાઠીપસાર પ્રકારે સામૂહીક રમતો રમાડવામાં આવી. સાયંપ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ ટુકડીમાં રહી પ્રાર્થના, ધુન, ગીતો તેમજ હર્ષનાદો કર્યા. સ્કાઉટ તાલીમાર્થી ગૌતમભાઈ બારૈયા, ગૌતમભાઈ ડાભી, શ્લોકભાઈ ચુડાસમાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. શિશુવિહાર પરિવારના આજીવન સભ્ય સ્વ. શ્રી બુલબુલબહેન કાનાબારનાં જન્મદિવસ નિમિત્તે શ્રી જાગ્રતભાઈ ભટ્ટ તરફથી સ્કાઉટના વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવેલ. તેમજ સ્કાઉટ તાલીમાર્થી અનંત ઠાકોરના વાલી શ્રી રૂપલબહેન ઠાકોર તરફથી તાલીમાર્થીઓને પ્રત્યેક ગુરૂવારના રોજ ખીરની પ્રસાદી આપવામાં આવેલ. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ તરફથી વિદ્યાધીશ વિદ્યા સંકુલ ખાતે તા. ૨૨ થી ૨૮ દરમ્યાન સ્કાઉટ માસ્ટર તાલીમ કેમ્પ યોજાયો જેમાં શિશુવિહાર સ્કાઉટ ઓપન ગ્રુપના શુભમ ગોહેલે તાલીમ લીધી હતી. સ્કાઉટ માસ્ટર શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા સ્કાઉટ તાલીમાર્થી તેમજ સંસ્થાના કાર્યકરને તા. ૨ ફેબ્રુઆરી એ ફાયર સેફટીની તાલીમ આપવામાં આવી. જેમાં ૬૦ લાભાર્થીઓએ તાલીમનો લાભ લીધો.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ



**ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:**

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ ફેબ્રુઆરી માસમાં ૪૧૬ દર્દીઓએ સારવાર લીધી હતી, તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૪ ભાઈઓ જોડાયા હતા.

સંચાલક: શ્રી ભાવિકાબહેન હરિયાણી

**વયસ્કો માટે ૩૪૮મી દ્રષ્ટિચકાસણી શિબિર ક્રમાંક:**

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ફેબ્રુઆરી માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૭૨ વયસ્કોની આંખ તપાસ બાદ ૬૦ વયસ્કોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

**શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:**

ફેબ્રુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૧૨ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

**આરોગ્યવર્ધક ઔષધિ પીણું:**

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૬૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

**હોમિયોપેથીક સ્વાસ્થ્ય કેન્દ્ર:**

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લા ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ વચ્ચે દર્દીઓને સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ, દવા આપવામાં આવે છે. હોમિયોપેથીક કેન્દ્રનો લાભ ફેબ્રુઆરી માસ દરમિયાન ૧૫૯ દર્દીઓએ લીધો હતો.

સંચાલક: ડૉ.અભિલાષા સોનપાલ

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં ક્રમાંક ૧૯૩-૧૯૪ મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને મગફળીમાંથી ક્રાફટના નમૂના તેમજ રેતીચિત્ર શીખડાવવામાં આવ્યું હતું. જેમાં ૭૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

ફેબ્રુઆરી માસમાં ૭૦ વાચક સભ્યોએ ૨૧૦ પુસ્તકો વાચ્યાં હતાં. ડૉ.ગીતા ગીડા ('સ્મરણવાટિકા'), ડો.નાનકભાઈ ભટ્ટ ('ડો.હોમી ભાભા'),ચિત્રકૂટ ધામ ('રામકથા'),પ્રદ્યુમ્ન તન્ના ('ચિત્રકળા અને સાહિત્યનો સંગમ'), પ્રીતિબહેન ભટ્ટ ('હોમોય વ્યારાવાલા'), રમેશભાઈ તન્ના ('માતૃભાષા મોરી મોરી રે') દર્શના રાવલ ('૪૦ ગુજરાતી પુસ્તક') સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલા પુસ્તકો જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક :શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વનઃ

ફેબ્રુઆરી માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૬૩૧ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. મદ્રેસા ઈમામ આઝમ શાળાનાં ૮૩ બાળકો, શ્રી ખાખરિયા પ્રાથમિક શાળાનાં ૫૦ બાળકો, શ્રી વીર સાવરકર પ્રાથમિક શાળાનાં ૮૦ બાળકો, શ્રી માલપર પ્રાથમિક શાળાનાં ૭૦ બાળકો,શ્રી શહિદ ભગતસિંહ પ્રાથમિક શાળાનાં ૯૫બાળકો,મદ્રેસા-એ-ઈબ્રાહીમ પ્રાથમિક શાળાનાં ૧૦૦ બાળકો, મહેંદી સ્કૂલના ૨૭૦ બાળકો, શ્રી ભૂતા રૂગનાથ પ્રાથમિક શાળાનાં ૧૧૦ બાળકો, ઝૈનબ ટ્યૂશન કલાસીસનાં ૧૧ બાળકો આમ કૂલ ૮૬૯ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ



### ૨.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતા બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવા સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન ૨૫૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

ફેબ્રુઆરી માસ દરમયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૭ રહી હતી. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,ચિત્તલ(અમરેલી)ના ૪૦ બહેનો શિશુવિહાર સંસ્થાની સીવણ વર્ગની મુલાકાતે આવેલ. સંસ્થાના કાર્યકર હીનાબેન ભટ્ટ તેમજ શ્રી ગુલાબબા ગોહિલ દ્વારા તમામ બહેનોને સીવણ સમજૂતી તેમજ સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.રતન બહેને તાલિમાર્થી બહેનોને મશીન રીપેરીંગ વિશે સમજ આપી હતી.

સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૬ ફેબ્રુઆરીએ યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલકઃ શ્રી પરેશભાઈ પાઠક

### માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૫૯ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી રાઘવજીભાઈ પટેલ તરફથી નેમ્બ્યુલાઈઝર ભેટ મળેલ છે. સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલકઃ શ્રી અનિલભાઈ જોશી

## સંગીત વર્ગ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ  સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક :શ્રી ઈન્દાબહેન ભટ્ટ



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ત્રણ શ્રમિક બહેનો દ્વારા ફેબ્રુઆરી માસમાં કાપડની ૩૪૨૦ થેલી તૈયાર થતાં રૂ.૧૩૬૮૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૯૮,૮૩૫ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન બે સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## પ્રચાર-પ્રસાર



### રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૨ રહી હતી.

ફેબ્રુઆરી માસમાં શ્રી અર્ચનાબહેન પારેખ - ભાવનગર. શ્રી બ્રહ્મચારી મુનિ મહારાજ-ભાવનગર. વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.   સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ફેબ્રુઆરી માસમાં ૧૨૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૯૫ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

**• સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •**

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

**• સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| 1,00,000.00 | પ્રફુલભાઈ લાલચંદ શાહ | નેત્રયજ્ઞ સહાય |
| 50,000.00 | વી.બી.પરીખ | કાયમી સર્વાંગી સહાય |
| 50,000.00 | ભરતભાઈ કે. શાહ | કાયમી સર્વાંગી સહાય |
| 40,000.00 | શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | ભરતભાઈ જયંતિલાલ ગરીવાલા | નેત્રયજ્ઞ |
| 10,000.00 | જાગ્રતભાઈ પ્રેમશંકર ભટ્ટ | પોષક આહાર સહાય |
| 5,000.00 | હસમુખભાઈ મુળજીભાઈ ગાંધી | પોષક આહાર સહાય |
| 5,000.00 | શુભાનીબહેન ચંદ્રકેતુ મહેતા | નાગરીક સન્માન |
| 5,000.00 | સુધાબહેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | ડૉ.એમ.જી.દેસાઈ | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

## બુધસભા:

બુધસભાની ૨૨૭૩ મી બેઠક તા. ૭ ફેબ્રુઆરીએ મળી હતી જેમાં પૂર્વ સાંસદ, ઉમદા વાચક, શ્રી રાજેન્દ્રસિંહ રાણાએ કવિ શ્રી વિરલ શુક્લની ''સલીમ મામુ ઔર ઉસકી ડૂબકી કા ગીત'' કવિતાનો આસ્વાદ કરાવ્યો હતો. કવિતા પ્રેમી ભાવક તરીકે રાજુભાઈએ કવિતાના પાત્રો અને પરિસ્થિતિનાં પરિસરમાં એમને થયેલા ઝબકારા, કવિએ સહજપણે કવિતામાં મૂકેલા શબ્દો, એમાંથી પ્રગટતું ભાવ વિશ્વની વાત  આગવી શૈલીમાં મૂકી હતી. ઉપસ્થિત ૪૦ કવિ-કવયિત્રિઓ માટે શ્રી વિનોદ જોશી દ્વારા પ્રાસંગિક આનંદની અભિવ્યક્તિ પણ પ્રેરક રહી. બુધસભાનું સંચાલન છાયા પારેખે કર્યુ હતું. માસની બીજી બેઠક તારીખ ૧૪ એ યોજાઈ. ''ઉત્સવ અભિવ્યક્તિ પર્વ''



શીર્ષક તળે યોજાયેલ બુધસભામાં વસંતપંચમી, વેલેન્ટાઈન ડે, પુલવામાં શહીદો સંદર્ભે કવિ મિત્રોએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. સભામાં ૩૮ કવિઓ અને ભાવકો ઉપસ્થિત રહ્યા. બુધસભાનું સંચાલન શ્રી  પરેશભાઈ ત્રિવેદીએ કર્યું. માસની ત્રીજી બેઠક ડૉ. માનસીબેન ત્રિવેદીના સંચાલનમાં મળી હતી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ડો. મહેશભાઈ દાફડા દ્વારા પોતાના સર્જન, શિક્ષણ અને અનુભવ વિશે રસપ્રદ વાતો કરવામાં આવી હતી. 'વિશ્વ માતૃભાષા દિવસ' અંતર્ગત કવિઓએ માતૃભાષા વિષયે રચનાઓ રજૂ કરી હતી. સભામાં ૨૭ શિક્ષણવિદો, સર્જકો, ભાવકો અને સાહિત્યપ્રેમીઓએ હાજરી આપી હતી. માસની ૨૨૭૬મી બેઠક ૨૮ ફેબ્રુઆરીએ પ્રા. હિમલ પંડયાના સંચાલનમાં 'સ્મરણવંદના' શીર્ષક અંતર્ગત શબ્દસ્થ કવિઓના પ્રદાનને યાદ કરતાં મળી. ભાવનગરનાં જાણીતાં શાયર અને ગઝલગુરુ શ્રી દિલેરબાબુના જીવન અને કવન વિશે ડો. પથિક પરમારે વિસ્તૃત વિચારો મુક્યા હતા. ઉપરાંત કવિ શ્રી પ્રવીણસિંહ ચૌહાણની ગઝલો અને ખાસ તો એમના દ્વારા ઓછા ખેડાયેલા ગીતકાવ્યોની વિશેષતાઓ વિશે કવિશ્રી દાન વાઘેલાએ છણાવટ કરી હતી. ૩૦  કવિતાપ્રેમીઓએ આજના અવસરને માણ્યો હતો.

બુધસભા પરિવારનાં વરિષ્ઠ કવિ અને સિનીયર સીટીજન શ્રી જયંતભાઈ હુંબલ (ઉંમર વર્ષ ૭૫) ને રાજ્ય કક્ષાની ૪૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ, શ્રી દર્શનાબેન રાવળ (ઉંમર વર્ષ ૬૮) ને ૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ, શ્રી સુનિલભાઈ પરમાર (ઉંમર વર્ષ ૬૨) ને ટ્રિપલ જંપમાં સિલ્વર મેડલ તેમજ શ્રી ભરતભાઈ વાળા (ઉંમર વર્ષ ૫૨) ને ૪૦૦ મિટરમાં સીલ્વર મેડલ મળતા બુધસભાએ ચારે કવિ વીરોને બીરદાવ્યાં હતાં.



# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃતિ

- વાસુકી કરાઓકે કલબ અને વાસુકી સાઉન્ડના સથવારે ૪ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ પર ગુજરાતી હીન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ શ્રી કિર્તીભાઈ સોલંકીના સંકલન તળે યોજાઈ ગયો. ગુજરાતી હીન્દી ફીલ્મી ગીતોનો આસ્વાદ માણવા ૨૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.



- ૯ ફેબ્રુઆરીએ બાલમંદિર પ્રાંગણમાં જાગૃતવાલીઓ માટે માર્ગદર્શન તથા માહિતિ સેમીનાર યોજવામાં આવેલ. આ પ્રસંગે 'પુસ્તકોનું જીવનમાં મહત્ત્વ તથા તેની આદતના લાભ' વિશે શ્રી પરેશભાઈ પાઠક દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. ઉપરાંત તમામ વાલીઓને શ્રી મંગલસિંહભાઈ પરમાર દ્વારા વિસ્તૃત માહિતિ આપવામાં આવેલ. ૬૦ વાલીઓ અને ૬૦ બાળકોએ પુસ્તકાલયની મુલાકાત લીધેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન બાલમંદિરના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.



- નવગામ ભાવસાર મહિલા મંડળને પાંચ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ૧૧ ફેબ્રુઆરીએ શિશુવિહારમાં યોજાયેલ કાર્યક્રમમાં ગણેશવંદના, કલાસિકલ ડાન્સ, વુમન એંપાવરમેટ વિષયે પર્ફોમિન્સ થયુ હતું. જ્ઞાતિના પરિવારોની બહેનોની પ્રતિભા બહાર લાવવાનું અને લોકો સમક્ષ રજૂ કરીને બહેનોમાં આત્મવિશ્વાસ વધારવાના ઉદ્દેશ્યથી જોડાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૪૫૦ થી વધુ પરિવારજનો જોડાયા હતા.
- નવરંગ કલા સંસ્થાનો ૨૮મો ફિલ્મીગીતોનો કાર્યક્રમ શ્રી નવિનભાઈ નાવડિયાના સંકલન તળે તા. ૧૧ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વિશેષ હિન્દી ફિલ્મની કવ્વાલીઓની પ્રસ્તુતિ રસપ્રદ બની હતી. જેને ૧૫૦થી વધુ શ્રોતાઓએ મ્હાણી હતી.

• શ્રી ખુશમનભાઈ જોષીના સંકલન અને સૂર સંગમ સંસ્થાના ઉપક્રમે સપ્તસૂરી સંધ્યાનો ૭૯ મો જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ ૧૮ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. બોલીવુડ હીટ હિન્દી ફિલ્મીગીતોને માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા



• પ્રણામી પ્રાથમિક શાળા પરિવારનો વાર્ષિક કાર્યક્રમ તારીખ ૨૩ ફેબ્રુઆરીએ રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી જયેશભાઈ પંડયાનાં માર્ગદર્શન હેઠળ બાલમંદિરથી ધો. ૮ સુધીના ૩૭૫ વિદ્યાર્થીઓ અને વાલીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં ભાગ લઈ શાળાનાં ૨૦માં સ્થાપના વર્ષની હર્ષભેર ઉજવણી કરી હતી. બાળકોની આંતરિક શક્તિ ઉજાગર કરનાર બાબા એજ્યુકેશન ટ્રસ્ટ ને અભિનંદન.



• મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન નંદકુવરબા મહિલા કૉલેજના એમ.એસ.ડબ્લ્યુ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ શિશુવિહાર, ભાવનગરની મુલાકાત ૨૩ ફેબ્રુઆરીએ લીધી હતી. કોલેજમાં અભ્યાસ સાથે ગુજરાતની ખ્યાતનામ કંપનીઓ તેમજ સમાજ માટે કાર્ય કરતી સંસ્થાની મુલાકાત લેવામાં આવે છે. જેના ભાગ રૂપે શિશુવિહાર, ભાવનગરની મુલાકાત ગોઠવાઈ હતી. માસ્ટર ઓફ સોશિયલ વર્કની બહેનો અભ્યાસક્રમના ભાગ રૂપે શિશુવિહાર સંસ્થા સામાજિક ઉત્થાન માટે કઇ કઇ પ્રવૃત્તિઓ કરે છે અને શિક્ષણ ક્ષેત્રે કઈ રીતે કાર્યરત છે તે અંગેની માહિતી માટે આવેલ ૩૨ વિદ્યાર્થીનીઓને સંસ્થા સાહિત્યથી માહિતગાર કરવામાં આવેલ.






• શ્રી પ્રમોદભાઈ વોરાના સંકલન તળે ૧૦૨ મો સાયકલ વિતરણ કાર્યક્રમ તા.૨૫ ફેબ્રુઆરીએ બુધસભા હોલમાં યોજાઈ ગયો. શ્રી ગિરીશભાઈ શેઠ, ભરતભાઈ શેઠ, શ્રી ગૌરવભાઈ શેઠના વરદ હસ્તે ૨૩ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવી હતી.






• નટરાજ કલા સંસ્થાના ઉપક્રમે 'એક સાંજ આપની સાથે' ૧૫૫મો હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો.શ્રી કેતન આવસત્થીની પરીકલ્પના માધ્યમથી 'તેરા સાથ હે તો' ભાગ-૨ સંગીત સંધ્યાને મ્હાણવા ૨૫૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતાં.

•ભારત વિશ્વમાં સૌથી મોટી સંખ્યામાં સક્રિય બિન-લાભકારી સંસ્થાઓ ધરાવતો દેશ છે. ભારતમાં સી.એસ.આર. કાર્યક્રમ ચલાવવા માટે કાયદા દ્વારા ફરજિયાત કંપનીઓની અને સામાજીક કાર્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલા લોકોની સૌથી વધુ સંખ્યા છે. અકર્મ સંસ્થા દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરી ના રોજ અમદાવાદના એ.એમ.એ. કેમ્પસમા હોલમાં સી.એસ.આર. કોન્ફરન્સ યોજાયેલ, જેમાં શિશુવિહાર સંસ્થાના પ્રતિનિધિ તથા વિવિધ ૧૦૦ સંસ્થા અને ૫૦ કોર્પોરેટ લેવલે કામ કરતી વિવિધ કંપનીના સી.એસ.આર. હેડ હાજર રહયાં હતાં. સી.એસ.આર.પ્રવૃત્તિ રિપોર્ટિંગ કેવી રીતે કરવું, હાલમાં કંપની દ્વારા યોજાતી પ્રવૃત્તિમાં કેવી બાબતોનું ધ્યાન રાખવું અને સરકાર દ્વારા નિયમોમાં થતાં ફેરફાર વચ્ચે કાર્ય કેવી રીતે કરવું તે વિષયે માહિતી આપવામાં આવેલ.



## શુભેચ્છકો લખે છે

**• શ્રી સાવિત્રીબેન નાથજી (પ્રોગ્રામ ઓફીસર જુનાગઢ)**

જે સારું કામ કરી રહયાં છે તેનું સન્માન તો થવું જ જોઇએ જેથી બીજાને પણ પ્રેરણા મળે. શિશુવિહારથી આપે બાળ વિકાસની જે ગંગા વહેતી કરી છે તેમાં કેટલાયે બાળકોનું કલ્યાણ થઈ રહયું છે, શિશુવિહાર વિશે કંઇ પણ વાંચું ત્યારે ચોકકસપણે એવો અનુભવ થાય કે મારી જ સંસ્થા વિશે વાંચી રહી છું - ધન્યવાદ

**• શ્રી મનિષા વાઘેલા ( સિવણ તાલિમાર્થી- શિશુવિહાર)**

હું શિશુવિહારમાં સીવણને લગતાં તમામ પાસાઓનો અભ્યાસ કરી રહી છું. સીવણની તાલીમથી મને વ્યવસાયિક ધોરણે સીવતા આવડી ગયું છે. સીવણનાં શિક્ષક શ્રી ગુલાબબા અમને અત્યારની નવી ફેશન પ્રમાણે અવનવું શીખવે છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની વિશેષ તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત થેલી, ડ્રેસ, કુર્તી, બેબી સૂટ, બ્લાઉઝ, પીના ફ્રોક, શીખવે છે. તેઓ અમને વ્યક્તિગત રીતે લાગણી અને ભાવનાથી શીખવે છે. અમને નંદકુવરબા સંસ્થામાં ફેશન ડિઝાઈનરની મુલાકાતે લઈ ગયા હતાં. ત્યાં નવું શિખવા મળ્યું. આટલી સારી તાલીમ માટે અમારા શિક્ષકનો આભાર માનું છું. અમારા પછી આવનાર વિદ્યાર્થીઓને પણ એમનો લાભ મળે તેવી શુભકામનાઓ પાઠવું છું.

**• શ્રી ગીતાબેન લાઠીયા ( સિવણ તાલિમાર્થી- શિશુવિહાર )**

મેં શિશુવિહાર સીવણ વર્ગમાં તાલીમ લીધા પછી સંસ્થામાંથી થેલા, થેલી, ચશ્માના કવરનું ઘરે સીલાઇકામ કરું છું. દર માસે લગભગ રૂ. ૫૦૦૦ નું કામ કરૂં છું. આ આવકમાંથી મારા બાળકોની ટયુશન ફી અને સ્કૂલની ફી ભરું છું. મારા બાળકોના સારા ભવિષ્ય માટે આ રકમ વાપરું છું. સંસ્થામાં દક્ષાબેનનો સારો સ્વભાવ છે. અને સંસ્થાનું સારું વાતાવરણ છે, એટલે આનંદથી કામ કરવા મળે છે. સીવણ શિક્ષક શ્રી ગુલાબબાનો પણ આભાર કે મારા ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થવામાં તેમણે સાધન આપ્યું, તાલીમ આપી.

**• શ્રી હેતલબેન ઓઝા**
**(આંગણવાડી શિક્ષક કેન્દ્ર નં ૮૪-૧ ભાવનગર)**

તા. ૨૧ એ શિશુવિહાર માં બાળકોને તાલીમ માટે બસમાં બેસી લઈ આવ્યાં હતાં. આંગણવાડી તાલીમ અંતર્ગત અલગ-અલગ પ્રવૃત્તિ કરાવવામાં આવી. બાળગીત-જોડકણાં એપ્રન પહેરાવી કરાવવામાં આવ્યા. જેમાં બાળકોને ખૂબ જ મજા આવી. બાળકોએ મોતીની માળા બનાવવી મૂળ રંગના મોતી હોવાથી બાળકોને રંગની ઓળખ થઈ. ધ્યાન કેન્દ્રિત પ્રવૃત્તિમાં રંગપૂરણી કરાવવામાં આવી. શિશુવિહારમાં બાળકોને જે તાલીમ આપવામાં આવી તેમાં બાળકોને મજા પડી. શિક્ષક તરીકે અમને અભિનય કરવા સાથે અમારી આંગણવાડી માટે વિવિધ પ્રવૃત્તિ શીખવા મળી છે. શિશુવિહાર દ્વારા સરસ મજાની તાલીમ સાથે બાળકોને પોષક આહાર અને નાનકડો થેલો આપવામાં આવ્યો તે આનંદની વાત છે.

**• ડૉ. ભરતભાઈ ગરીવાલા (પૂર્વ અધ્યક્ષ નાણાપંચ - ગુજરાત)**

વર્ષ ૧૯૬૮ થી શિશુવિહારમાં યોજાતા નેત્રયજ્ઞમાં દર્દીઓની સુવિધા માટે તૈયાર થયેલ ભોજનાલયનાં નવિનીકરણ માટે મારો સહયોગ સ્વીકારશો. મારા પત્ની ડો. મિનાક્ષીબેન ગરીવાલાને પ્રત્યેક નેત્રયજ્ઞમાં યાદ કરી આપ સંસ્થાગત અહેવાલમાં તેમનો ઉલ્લેખ મૂકો છો તે માટે આભાર.

**• શ્રી હસમુખભાઈ ગાંધી (વડોદરા)**

મારા સુપુત્ર સ્વ. નિરવની પૂણ્યતિથિ પ્રસંગે આપે બાળમંદિરના તેમજ ક્રિડાંગણના બાળકોને પોષક નાસ્તો આપ્યો અને તે માટે અમારા પરિવારનું અનુદાન સ્વીકાર્યુ તે માટે આભાર. ગરીબ બાળકોને નિયમિત પોષક નાસ્તો આપવાની આપની સેવાને અભિનંદન.

**• શ્રી પ્રફુલભાઈ શાહ (અમદાવાદ)**

બાળકો માટે ૩૫૦ થી વધુ દ્રષ્ટી ચકાસણી યજ્ઞ તથા વયસ્કો માટે આંખ તપાસ અને જરૂરીયાતમંદોને કેટરેક્ટ સર્જરીની નિ:શુલ્ક સુવિધા માટે ૪૭૫ થી વધુ નેત્રયજ્ઞ યોજનાર શિશુવિહારની પ્રવૃત્તિ ગુજરાતમાં બેજોડ છે. આ સેવા કાર્ય માટે અમારો સહયોગ સામેલ છે. અભિનંદન.

**• શ્રી ઉદયભાઈ પરીખ (મુંબઈ)**

હાલનાં માહોલમાં તાલીમ અગત્યની બાબત છે. શિશુવિહારે ૧૧૦૦૦ થી વધુ બહેનોને સીવણ તાલીમ ૬૦૦ થી વધુ બહેનોને બાળ ઉછેર તાલીમ આપી. સામાજિક ક્ષેત્રે નોંધનીય કામ કર્યુ છે. નવનિર્મિત તાલીમ ભવન કાર્ય માટે શુભેચ્છા પાઠવું છું.

**• શ્રી ભરતભાઈ શાહ (મુંબઈ)**

શિશુવિહારની માનવ સેવા પ્રવૃત્તિઓ માટે અભિનંદન. આ સાથે અમારા પરિવારનો સહયોગ જોડું છું.



# સ્વરાજ્યની શાળા
# શિશુવિહાર

વર્ષ ૧૯૯૭માં પ્રકાશિત
શિશુવિહાર સામયિકોનો સાર
(એક દસ્તાવેજ)




## જાન્યુઆરી

**અભિપ્રાય એ જ્ઞાન અને અવગણનાનું મિશ્રણ છે : પ્લેટો**

**રમકડાં ઘર :** એક દાયકાથી શરૂ થયેલ શ્રી બજરંગદાસ બાપા રમકડાં ઘરમાં રોજ સાંજે ૩ વર્ષથી ૭ વર્ષનાં બાળકો અવનવાં શૈક્ષણિક રમકડાંથી રમવા આવે છે. રમકડાં ઘરના સભ્ય પોતાને ઘરે પણ રમકડાં લઈ જાય છે. રમકડાં ઘરની સાથે એક બાળપુસ્તકાલય પણ છે. આ પુસ્તકાલયમાં નવાં-નવાં પુસ્તકો આવતા રહે છે અને રમકડાં ઘરમાં નવાં-નવાં રમકડાંઓ વસાવવામાં આવે છે. રમકડાં ઘરને ગયા માસમાં રૂ.૩૫૩૫ની સહાય મળી છે.

**શિશુવિહારની ટપાલપેટી :** ગોંડલથી ઉદ્યોગ ભારતીના સંચાલક શ્રી હરગોવિંદભાઈ પટેલ લખે છે. આપની વાત મહદ્અંશે સાચી છે. દરેક ક્ષેત્રમાં અને ખાસ કરીને આપણા ખાદીના ક્ષેત્રમાં ગાંધીજીના આદર્શો મુજબ કામો ચાલતા નથી. પરંતુ એ પણ વાસ્તવિક્તા છે કે, આજની પરિસ્થિતિમાં એકલદોકલ વ્યક્તિ ધારે તો પણ ગાંધી વિચારસરણી પ્રમાણે કામ કરી શકે તેવી અનુકૂળતા રહી નથી. કાયદા-કાનૂનના બંધનો પણ એવા છે કે, એમાં આપણી ઈચ્છા પ્રમાણે કામ કરવામાં અને લેવામાં અનેક અડચણોનો સામનો કરવો પડે છે.

## ફેબ્રુઆરી

પૂજ્ય સ્વામી શ્રી તદ્‌રૂપાનંદજીના વરદ્‌હસ્તે ૪૭માં પ્રભુકૃપા નેત્રયજ્ઞનું તથા સ્વ. નાનાલાલ ભવાનભાઈ વાનાણી પરિવાર સભાગૃહનું શિશુવિહારમાં થયેલું મંગલ ઉદ્‌ઘાટન : આદર્શ કર્મયોગી ડો.શિવાનંદ અધ્વર્યુજી તથા શિવાનંદ મિશનના સહયોગથી શિશુવિહારમાં છેલ્લા પાંચ વર્ષથી જાન્યુઆરી માસમાં ભાવનગરનાં પૂર્વ મેયર, સેવાભાવી યુવાન શ્રી જ્યંતભાઈ નાનાલાલ વાનાણી તથા મિત્રમંડળના સૌજન્યથી અનેરો



નેત્રયજ્ઞ યોજાય છે. આ વરસે પણ તા.૧૮ થી તા. ૨૩ સુધી શિશુવિહારના આંગણે પુણ્યાત્મા નાનાલાલ વાનાણીની સ્મૃતિમાં ૪૭ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાયો હતો તેનું મંગલ ઉદ્‌ઘાટન વિદ્વાન સંત પૂ.સ્વામી શ્રી તદ્‌રૂપાનંદજી સરસ્વતીએ કર્યું હતું અને નેત્રયજ્ઞ માટે તથા અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના હેતુથી ૪૦''×૬૦'' ના બંધાયેલ વિશાળ સભાગૃહને 'સ્વ.નાનાલાલ ભવાનભાઈ વાનાણી પરિવાર સભાગૃહ' તરીકે જાહેર કરી પૂ. સ્વામીજીએ તેને ખુલ્લો મૂક્યો હતો.

**શિશુવિહારની ટપાલપેટી :** પાલીતાણા રોટરી ક્લબ તથા ઝુલેલાલ સોશીયલ ગ્રૂપ તરફથી સ્થાનિક સંનિષ્ઠ કર્મચારીઓનું તથા પાંચથી વધુ વખત રક્તદાન આપનાર ૬૦ વ્યક્તિઓનું સન્માન કરવાનો સમારંભ યોજાયો હતો. આ અંગે રોટરી ક્લબના પ્રમુખ રોટેરીયન ડો. આર.વી.શાહ તેના આભાર પત્રમાં લખે છે: પાલીતાણા કાર્યક્રમમાં શ્રી માનભાઈ ભટ્ટની હાજરી તમામ પ્રેક્ષકોને સ્પર્શી ગયેલ છે. તેઓની હાજરીથી દરેક વ્યક્તિ પોતાની જાતને સદ્‌ભાગી સમજતી હતી. એવૉર્ડ મેળવનાર સંનિષ્ઠ કર્મચારીઓ તથા રક્તદાનનું શીલ્ડ મેળવનાર દાતાઓ ખરેખર ગદ્‌ગદીત થઈ ગયા હતાં. હું પાલીતાણા રોટરી ક્લબ તથા ઝુલેલાલ સોશીયલ ગ્રૂપ તરફથી હદયપૂર્વક આભાર માનું છું.

## માર્ચ

**શિશુવિહારની ટપાલપેટી :** અમદાવાદથી સ્વ. ડો.વી.જી.માવલંકરના પત્ની શ્રીમતી શકુંતલાબહેન લખે છે: 'શિશુવિહાર' પત્રિકા મળે એટલે વાંચીને જૂની બધી યાદો તાજી થાય છે. શિશુવિહાર તરફથી બહુ સારા કામ થાય છે અને રેડક્રોસ તરફથી પણ સારી પ્રવૃત્તિ ચાલે છે. શિશુવિહાર માટે રૂા. ૨૦૫૦ નો ચેક મોકલું છું. બાળકોની પ્રવૃત્તિ માટે જેમાં યોગ્ય લાગે તેમાં વાપરજો. બાપુસાહેબ (ડો.વી.જી.માવલંકર)ને ગયા બાર વર્ષ થયા!!!

**સંસ્થાના ટૂંકા સમાચારો :** બાળકોની પ્રસન્નતા માટે ઉર-આશા ઝવેરી ફાઉન્ડેશનની ઉદાર સહાયથી તૈયાર થયેલ સ્વામી તદ્‌રૂપાનંદજી બાલદેવનનો ૩ થી ૭ વર્ષની ઉંમરનાં બાળકો તથા શહેરના તેમજ બહારગામના બાલમંદિરનાં બાળકો મોટી સંખ્યામાં લાભ લઈ રહયાં છે. મન મોકળા મૂકીને ખેલતાં કૂદતાં બાળદેવોને પ્રસાદરૂપે કંઈક આપીને મીઠું મોઢું કરાવવામાં આવે છે. તે માટેનું સ્વયંભૂ કાયમી ફંડ શરૂ થઈ ગયું છે. જેનો અદકેરો આનંદ છે.

## એપ્રિલ

**હરિ ૐ આશ્રમ નડિયાદ પ્રેરિત સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ** : રાજકોટની મશહૂર શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન તરફથી દર વરસે પ્રાથમિક વિભાગના અને એક પૂર્વ પ્રાથમિક વિભાગના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થાય છે. ૧૯૯૬-૯૭ ના વર્ષનો પ્રાથમિક શિક્ષકનો એવોર્ડ શિશુવિહારના મોંઘીબેન બધેકા બાલમંદિરના શિક્ષક તરીકે શ્રી પ્રેમશંકર ન. ભટ્ટને મળેલ છે. એવોર્ડ વ્યક્તિને નામે અપાતો હોઈ શ્રી પ્રેમશંકરભાઈએ શિશુવિહાર સંસ્થા વતી સ્વીકારેલ. શ્રી પ્રેમશંકરભાઈ લખે છે - ખરેખર તો શિશુવિહાર સંસ્થાએ તેની સ્થાપનાથી માંડીને આજ સુધી કરેલ બાળકોની અનેકવિધ અનન્ય સેવાની કદરરૂપે આ સન્માન મળેલ છે. હું પોતે તો હજુ પ્રભુના પયંગબર સમાન બાળકોનો વિદ્યાર્થી બનવા પ્રયત્ન કરી રહયો છું. તેમાં શ્રેષ્ઠ શિક્ષક બની જવાની વાત જ ક્યાં આવી? આ સન્માનનો ખરેખર યશભાગી હું નથી. પરંતુ શિશુવિહારના શ્રમજીવી સ્થાપકો, સંચાલકો, શુભેચ્છકો, દાતાઓ, વહાલાં બાળકો અને મારી સાથે બાલમંદિરમાં કામ કરતાં નિષ્ઠાવાન બાલપ્રેમી મદદનીશો છે. તેથી એ સૌના વતી એટલે સંસ્થાવતી આ સન્માન સ્વીકારવાની મારી ફરજ હતી. આ એવોર્ડ સિસ્ટર નિવેદીતાને નામે અપાય છે. અને તે પૂજ્ય મોટાના હરિ ૐ આશ્રમ પ્રેરિત છે. તેથી આ એવૉર્ડને હું આ બંને મહાનુભાવ પુણ્યાત્માના શિશુવિહાર સંસ્થાને બાળકોની સેવાના કામ માટે મળેલા આર્શીવાદ સમાન લેખું છું. સૌને પ્રણામ.

**૪૮ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ** : શ્રી મનુભા વખતસિંહ રાણા ચેરીટેબલ ટ્રસ્ટની સહાયથી સ્વ. સૂર્યદેવી મૂળરાજસિંહ રાણાની પુણ્ય સ્મૃતિમાં ૪૮ મો નેત્રયજ્ઞ તા. ૧૫ થી ૨૦ દરમિયાન યોજાયો. તેમના તરફથી આ ત્રીજો નેત્રયજ્ઞ હતો.

**સંગીત વર્ગનો વાર્ષિક મેળાવડો** : સંગીત વિશારદ શ્રી દર્શકભાઈ ઓઝા સંચાલિત શિશુવિહારના સંગીત વર્ગનો ૨૧મો વાર્ષિક મેળાવડો તા. ૨૮ એ યોજાયો હતો. આ મેળાવડાના અધ્યક્ષપદે સંગીત વિશારદ, સારા ચિત્રકાર અને કવિ શ્રી મધુકરભાઈ ઉપાધ્યાય તથા અતિથિ વિશેષ તરીકે સંગીત વર્ગની વિદ્યાર્થિની ચિ. ધારાના માતા-પિતા શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી હરેશભાઈ દવે પધાર્યા હતા.

## મેં

**શિશુવિહારની ટપાલપેટી** :રાષ્ટ્રીય શાળા રાજકોટથી શ્રી પુરુષોત્તમભાઈ ન.ગાંધી : શિશુવિહાર પત્રિકા મળતી રહે છે. વાંચું છું. આનંદ અનુભવું છું. સંસ્થા દ્વારા જે કલ્યાણકારી સેવાકાર્યો થઈ રહયાં છે તેના સંપર્કમાં રહેવાય છે તેને મારું સદભાગ્ય ગણું છું. પ્રસન્નતા થાય છે. પ્રભુના આશીર્વાદ સદાય વરસતા રહો.

## જૂન

**બાલોત્સવ** : ભરૂચ જિલ્લાના નર્મદાકાંઠાના નિકોરા ગામે ગુજરાતમાં અભૂતપૂર્વ બાલોત્સવ ઉજવાઈ ગયો. લગભગ ૮૦૦ ભૂલકાંઓ સાથે તેમનાં શિક્ષિકાબહેનો, વાલી અને તેડાગર મળી લગભગ ૧૦૦૦ થી વધારે સંખ્યા હશે. છેક કચ્છના આદિપુર, સૌરાષ્ટ્રના ભાવનગર, રાજકોટ અને વલસાડ, સુરત, ખેડા, અમદાવાદ જિલ્લાનાં બાલમંદિરોની ટુકડીઓ આવેલી. બાળકેળવણીનો અતિ સુંદર પ્રયોગ જોવા મળ્યો.

**શિશુવિહારની ટપાલપેટી** :''એક વખત સ્કાઉટ બને તે કાયમ સ્કાઉટ રહે'' એ કહેવત ત્યારે જ સાર્થક બને જ્યારે પ્રત્યેક સ્કાઉટ-ગાઈડ સાચા માનવ તરીકે જીવવાનો પ્રામાણિક પ્રયત્ન કરે. તમારા દૈનિક જીવનમાં બીજા કરતાં તમે સારી છાપ પાડી શકો, લોકો તમારા તરફ સન્માનની દ્રષ્ટિથી જુએ, તમારા માટે પ્રેમભાવ પેદા થાય એ અતિ મહત્વનું છે. તેથી દરેક સ્કાઉટ ગાઈડને મારૂં નમ્ર સુચન છે કે લોકો તમને સાચા માનવ તરીકે ઓળખે તેવું વર્તન કરશો તો સાચા સ્કાઉટ ગણાશો. - વિનુ ચાર્તુવેદી (હિમાલય વુડબેજ સ્કાઉટર)

## જુલાઈ

રાજકોટથી સીસ્ટર નિવેદિતા ફાઉન્ડેશનના કેળવણીકાર સંચાલિકા શ્રીમતી ઉષાબેન ગુલાબભાઈ જાની લખે છેઃ ભાવનાથ મહાદેવના સાનિધ્યમાં આપને હસ્તે મને એવોર્ડ મળેલ છે તે મારૂં સદ્ભાગ્ય ગણું છું. સવિશેષ આનંદ એ થયો કે આપે ખૂબ પ્રેમપૂર્વક શિશુવિહાર તરફથી ભેટ મોકલેલ છે. હું અને ગુલાબભાઈ શિક્ષણક્ષેત્રે જે કંઈ કરી શક્યા છીએ તેનો ખરો યશ આપ જેવા મુરબ્બીઓ અને સ્નેહીઓને જાય છે. ભરપૂર પ્રેમ અને માર્ગદર્શનથી અમારા કાર્યને બળ મળ્યું છે.

**શ્રદ્ધાંજલી** : શિશુવિહાર પરિવારના બે આજીવન સભ્યોના દેહાવસાનની નોંધ લેતા સંસ્થા અત્યંત ઊંડા શોકની લાગણી અનુભવે છેઃ સ્વ. કાંતીલાલ માણેકભાઈ પારેખ. તેઓ ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના નિવૃત્ત મેનેજર હતા. તેમના પિતા શ્રી માણેકભાઈ પારેખ આઝાદીના લડતના સૈનિક હતા અને સૌરાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિના નિષ્ઠાવાન કાર્ય કર્તા હતાં. તેમના સુપુત્ર શ્રી પ્રકાશભાઈ શિશુવિહાર સંસ્થાના સક્રિય શુભેચ્છક છે. સ્વ. હેમંતભાઈ મહેતા સંસ્થાના આજીવન સભ્ય હોવા

ઉપરાંત અમારા સંનિષ્ઠ સ્વયંસેવક પણ હતા. સારા લેખક હતાં. દૈનિકોમાં તેઓના લખાણ લોકપ્રિય હતાં. બંને પૂણ્યાત્માઓને પરમાત્મા ચિર શાંતિ આપો તથા તેઓના કુટુંબીજનોને વસમી વિદાયનું દુ:ખ સહન કરવાની ધીરજ અને શક્તિ આપો તેવી પ્રાર્થના છે.

## ઓગસ્ટ

**વસમી વિદાય :** ભાવેણાની સંસ્કાર ભૂમિના શિક્ષણ, સાહિત્ય, રાષ્ટ્રભાષા, સ્ત્રી કેળવણી અને નૂતન બાલશિક્ષણના ઉપાસક અનેક સેવાભાવી સંસ્થાઓના સ્થાપક, કાર્યરત શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીના અચાનક દેહાવસાનથી ભાવનગરે એક અમૂલ્ય માનવરત્ન ગૂમાવી દીધું છે. સંસ્થા પરિવાર શોકની લાગણી અનુભવે છે.

**વિજળી :** સર્વોપયોગી વિજળીના વર્ગો શિશુવિહારમાં છેલ્લા ૫૦ વરસોથી ચાલે છે. આ વર્ગો સંસ્થાના પ્રાણસમાં શ્રમજીવી શ્રી ઓધવજીભાઇ મુજપરાએ શરૂ કરેલા અને જીવ્યા ત્યાં સુધી નિયમિત રીતે ચલાવ્યાં. આ વર્ગમાં તાલીમ લઇને અસંખ્ય લોકો વિજળીનો યોગ્ય રીતે વપરાશ કરતાં શીખ્યા છે. ઘણાં ભાઇઓ ઇલેક્ટ્રીક રીપેરનું કામ શીખીને પગભર પણ બન્યાં છે. શ્રી ઓધવજીભાઇના આકસ્મિક અવસાન પછી પિતાનું આદરેલું અધુરૂં ન રહે તેવી ભાવનાથી આ કામ તેના સંતાનોએ સંભાળી લીધું હતું. તેઓ નોકરી અંગે ભાવનગરમાં સ્થિર ન રહી શકવાને કારણે થોડો સમયવર્ગ બંધ રહેલ, પરંતુ છેલ્લાં બે વરસથી આ વર્ગો નિયમિત ચાલુ થઇ ગયા છે. ભાવનગરની એક્સેલ ઇન્ડસ્ટ્રીઝમાં વિજળીનું કામ કરતા શ્રી બારૈયાભાઇ આ વર્ગો ચલાવે છે. ૧૯૯૫-૯૬ માં વિજળીના વર્ગમાં ૨૩૭ ભાઇઓ તાલીમ લઇ ગયા. ૧૯૯૭ માં અત્યારસુધીમાં ૧૦૦ ભાઇઓએ તાલીમ લીધી છે.

## સપ્ટેમ્બર

**ધ્વજવંદન :** ૧૫મી ઓગસ્ટે, ભારતની આઝાદીની સુવર્ણ જયંતીના મંગળ પ્રસંગે, શિશુવિહારના વિશાળ પટાંગણમાં ધ્વજવંદન થયું. પ્રાધ્યાપિક ડૉ. રક્ષાબેન દવેનાં હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાયો. આ પ્રસંગે ડૉ. રક્ષાબેને જણાવ્યું કે શિશુવિહાર એટલે માનભાઇ અને માનભાઇ એટલે શિશુવિહાર બંને જુદા નથી. માનભાઇ એવું માને છે કે શિશુવિહાર સંસ્થાની સ્થાપના થઇ ત્યારથી જ આજ સુધી સંસ્થા જનસેવાના વટવૃક્ષ જેવી વિકસી છે. તેમાં ઘણાં શ્રમજીવી સાથીઓ તથા નાના-મોટા અસંખ્ય શુભેચ્છકો તથા દાતાઓએ આપેલ તન-મન-ધનના સ્વૈચ્છિક સહકાર અને સહયોગનો અનન્ય ફાળો છે. તેનું શ્રેય મને એકલાને આપવાથી તેને હું મારું સન્માન નથી સમજતો પણ ઊઠમણું સમજું છું. તેથી જેને માન આપવું



હોય, સન્માન કરવું હોય તે શિશુવિહાર સંસ્થાનું સન્માન કરે. જેથી શિશુવિહારના ઘડતરમાં અને ચણતરમાં ભાગ લેનાર સૌનું સન્માન થયું ગણાય.

શિશુવિહારની ધરતી ઉપર શ્રી માનભાઇનાં ૯૦માં જન્મદિવસની ઉજવણી : સેવાના ક્ષેત્રે રાષ્ટ્રીય એવૉર્ડ વિજેતા થવા પાત્ર વ્યક્તિ અને તેની પ્રવૃત્તિ અંધારામાં રહે તેથી સમાજને નુકશાન થાય છે. માનભાઇનું કાર્ય અને જીવન વ્યક્તિગત નહીં પણ સામાજિક મિલ્કત છે. સમાજની કોઇ પણ સેવાભાવી જાહેર સંસ્થા માનભાઇએ મેળવેલ સિદ્ધિનો તેના નામનો અને કામનો સદુપયોગ કરી શકે છે. આવા સેવાભાવી માણસના જીવનકાર્યને અને તેની કાર્યશૈલીને જનતાની જાણ માટે પ્રકાશમાં લાવવાની ખાસ જરૂર છે. વખાણ કરવા માટે નહીં પરંતુ પ્રેરણા, માર્ગદર્શન મેળવવા માટે. ભાવનગરમાં વિવિધ ક્ષેત્રે આવી અનેક સેવાભાવી સંસ્થાઓ છે જેનો અનન્ય જોટો જડવો મુશકેલ છે. તે બધી સંસ્થાઓ ભેગા મળી શિશુવિહારના પટાંગણમાં મુરબ્બી માનભાઇના ૯૦માં જન્મદિવસનો મેળાવડો કર્યો. તેના પ્રમુખસ્થાને ઉદ્યોગપતિ શ્રી કાંતીસેન શ્રોફ અતિથિવિશેષ તરીકે નેત્રયજ્ઞ દ્વારા દિવ્ય જીવનની દ્રષ્ટી આપનાર ડૉ. શિવાનંદ અધ્વર્યુજી તથા આયુર્વેદના આજીવન ઉપાસક વૈદરાજ શ્રી પ્રાગજીભાઇ રાઠોડ પધાર્યા હતા.

માનવમેદનીની વિશાળ ઉપસ્થિતિમાં ખાસ ધ્યાન ખેંચે તેવી નજરે જોનારને પણ અસંભવિત લાગે તેવી વિશેષ ઉપસ્થિતિ શ્રી માનભાઇની બાજુમાં બેઠેલા તેમનાં ધર્મપત્ની શ્રીમતી હીરાબેનની હતી. માણસને પકડીને ચાલવું સહેલું છે પણ તેના પડછાયાને પકડીને ચાલવું ઘણું અઘરૂ. મહાત્મા ગાંધીજીના પડછાયે ચાલનાર પૂ. કસ્તુરબાની કેવી કસોટી થતી તેની વાત ગાંધીજીની કલમે ઘણીવાર લખાઇ છે. માનભાઇને પડછાયે ચાલવાનું કામ પણ અસાધારણ કસોટીનું છે. આવી કસોટીથી ઘડાઇને, જે માનભાઇએ સેવાધર્મની વિશાળ કુટુંબ ભાવનાથી પ્રેરાઇને હજારો માણસોના જીવનનું ઘડતર કર્યું છે તે માનભાઇના પોતાના જીવનનું પ્રત્યક્ષ અને પરોક્ષ ઘડતર શ્રી હીરાબેનને આભારી છે. આજના મેળાવડાના પ્રમુખ શ્રી કાંતીસેને શાલ ઓઢાડીને શ્રી હીરાબેનનું સન્માન કર્યું હતું.

સભામાં શ્રી માનભાઇને મધ્યમાં રાખીને ભાવેણાની સેવાભાવી સંસ્થાઓના સંગઠનની વાતો થઇ. માનભાઇના વખાણ પણ થયા. માનભાઇને તેના સ્વભાવ મુજબ સાંભળવા ન ગમ્યા હોઇ તો પણ એકવાત ખૂબ ગમી હશે. ભાવનગર મોટર સંઘના સભ્યો તરફથી ૬૪ ચક્ષુદાનના વસિયતનામાં અર્પણ કરવામાં આવ્યા. ભારતના ટ્રાન્સપોર્ટ સમ્રાટ શ્રી ઇન્દુભાઇ ચાતુર્વેદીની પ્રેરણાથી આ સરસ કામ થયું.

૭મો શ્રેષ્ઠ નાગરિક તથા ઉત્તમ શિક્ષક સન્માન સમારંભ : શ્રી હરિભાઈ ચૌહાણના સહયોગથી શિશુવિહારમાં દર વરસે એક શ્રેષ્ઠ નાગરિકનું અને ઉત્તમ શિક્ષકનું જાહેર સન્માન થાય છે. આ વરસે શ્રેષ્ઠ નાગરિક તરીકે સ્વાતંત્ર્ય સૈનિક શ્રી શાંતિલાલ રામશંકર જોષી તથા શ્રીમતી અરૂણાબહેનના સુપુત્ર,ભારતના યુવાન વૈજ્ઞાનિક શ્રી પંકજભાઈ જોષીનું અને શ્રેષ્ઠ શિક્ષક તરીકે આજીવન બાળકેળવણીકાર વયો વૃદ્ધ શ્રી વિષ્ણુભાઈ જયંતીલાલ ભટ્ટનું સન્માન થયું. ભાવેણાના આ બંને સપૂતોએ પોતપોતાના ક્ષેત્રે કરેલ કાર્ય અને તેમાં મેળવેલ સિદ્ધિ સરાહનીય છે.

ઘરશાળા હાઈસ્કૂલમાં અને પછી શામળદાસ કોલેજમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે પંકજભાઈએ નામના મેળવી હતી. ગણિત અને વિજ્ઞાન એમના શોખના વિષયો કોલેજકાળમાં આ બંને વિષયોના પોતાના પ્રયોગોની અનૂભુતિ મેળવવા, શિશુવિહારમાં સેવાભાવે સ્વેચ્છાથી વિજ્ઞાન અને ગણિતના વર્ગો પણ ચલાવતાં. હાલમાં મુંબઈની ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચમાં પ્રધ્યાપક તરીકે કામ કરે છે અને વૈજ્ઞાનિક સંશોધનમાં આંતર રાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલ છે. પંકજભાઈને વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક બનવા માટે આપણી હાર્દિક શુભેચ્છાઓ. પંકજભાઈ વિશ્વના શ્રેષ્ઠ ફૂલકમળની જેમ ખીલે.

ઉત્તમ શિક્ષક મુરબ્બી શ્રી વિષ્ણુભાઈ બાળકેળવણીના કામને વરેલા છે. દક્ષિણામૂર્તિમાં મોન્ટેસરી પદ્ધતિથી ચાલતાં નૂતન બાલશિક્ષણનો ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડક પાસે અભ્યાસ કર્યો, પછી ત્યાં જ બાલમંદિરનાં શિક્ષક બન્યાં. દક્ષિણામૂર્તિ બાલમંદિર બંધ થયું પછી ગુજરાતના મહાન લોકસેવક અને સત્યાગ્રહી ગ્રામસેવક શ્રી જુગતરામભાઈ દવેના વેડછી આશ્રમમાં વસ્યાં. ત્યાં ગાંધીજીના સર્વાંગી વિકાસની પાયાની બાળકેળવણીનું કામ કર્યું. કોબાના કસ્તુરબા આશ્રમમાં પણ રહયાં. નિવૃત્ત થયા પછી પ્રવૃત્તિ વધી. ભારતમાં જુદા-જુદા અનેક રાજ્યોમાં ફરીને બાળકેળવણીના ગિજુભાઈ અને ગાંધીજીના કામને માર્ગદર્શન અને વેગ આપતા રહયા. આજે ૯૧ વરસની ઉંમરે પણ તેઓ બાળકનું નામ સાંભળતા અનેરી સ્ફૂર્તિ અનુભવે છે. આવા બાળપ્રેમી વડીલ,આજીવન બાળશિક્ષકને વંદન.

આ સન્માન સમારંભમાં ભાવનગર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ડો. વિદ્યુતભાઈ જોષી, માજી ન્યાયમૂર્તિ માનનીય શ્રી બટુકભાઈ મહેતા, સેન્ટ્રલ સોલ્ટ રીસર્ચ અને મરીન રીસર્ચ ઈન્સ્ટીટયુટના ડાયરેક્ટર ડો. શરદભાઈ ગોમકાળે, જાણીતા વકીલ અને સમાજસેવક શ્રી ગુલાબભાઈ સંઘવી ઘરશાળા હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય શ્રી મહેશભાઈ વસાવડા તથા



શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ઓક્ટોબર

**મોંઘીબેન બધેકા બાલમંદિર શિશુવિહાર ૩૩મો અનુભવ વર્ગ :** શિશુવિહાર બાલમંદિરનો પાંચ માસનો ૩૩મો અનુભવ વર્ગ તા. ૧૦ નવેમ્બર થી શરૂ થશે. તેમાં પ્રિ.પી.ટી.સી.,પી.ટી.સી. અથવા બાર ધોરણ પાસ થયેલા બહેનોને દાખલ કરવામાં આવે છે. તે માટેની અરજી રૂબરૂ મળીને પહોંચતી કરવી. અનુભવ વર્ગના અભ્યાસ માટે પસંદગી પામેલ બહેનોને માસિક રૂા. ૨૨૫ ની શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) તથા ગણવેશના રૂા. ૧૫ આપવામાં આવે છે. અભ્યાસ ચાલુ હોય અથવા બીજે કંઈ કામે જતા હોય તેણે અરજી કરવી નહી.

## ગયાં ૫૦ વર્ષ તમને કેવા લાગ્યા ?

''આઝાદ ભારતના છેલ્લા પચાસ વર્ષ તમને કેવા દેખાય છે?'' ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિના પશ્નો મુ. માનભાઈએ આપેલ જવાબ તા. ૧૭-૮-૯૭ના ટાઈમ્સમાં પ્રગટ થયો છે તેનો અનુવાદ નીચે મુજબ છે :

સ્વતંત્રતાના ઉમદા હેતુને મારી નાખવામાં આવ્યો છે. અશિક્ષિત લોકશાહી ઉભી થઈ છે. અંગ્રેજો ગયા કે તરત જ આપણે બાપુને એક બાજુ હડસેલી દીધા સ્વાર્થ માટે સત્તા લઈ લીધી; ગરીબો માટે નહીં. પંડિત જવાહર નેહરૂએ વિલાયતના વિકસીત દેશોની અસર નીચે એવી કાર્ય પદ્ધતિ અપનાવી કે જે ભારતની પ્રજા માટે અનુકૂળ ન ગણાય.

બધું ગરીબોને નામે થાય છે પરંતુ ગરીબોને તેનો ફાયદો મળતો નથી. ભારત સરકાર, બધા રાજ્યોની સરકારો, સ્વાયત્ત સંસ્થાઓ સ્વતંત્રતાના અને લોકશાહીના કતલખાના બની ગયા હોય તેવું લાગે છે. કેમ કે બધે ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે.

## નવેમ્બર

**જાહ્નવી સ્મૃતિ : બહેનોનો કવિ મુશાયરો :** દર વર્ષની માફક આ વર્ષે પણ જાણીતા કવયિત્રી સ્વ. ભાગીરથી બહેનનાં સ્મરણાર્થે તારીખ ૨૮ એ શિશુવિહારમાં કવિબહેનોનો મુશાયરો રાખવામાં આવેલ. તેમાં ૨૩ બહેનોએ ભાગ લીધો હતો. મુશાયરાનું સફળ સંચાલન મહિલા કોલેજના વિદ્વાન પ્રાધ્યાપિક અને સાહિત્યકાર ડૉ.શ્રી રક્ષાબહેન દવેએ કર્યું હતું. નવોદિત કવયિત્રીનાં કાવ્યોને બિરદાવીને તેઓએ ઉત્તમ માર્ગદર્શન આપેલ. નિર્ણાયક તરીકે કવિ શ્રી વિનોદભાઈ જોષીએ સેવા આપી હતી. તેઓએ બહેનો કાવ્યસર્જનની કલાને કઈ રીતે કેળવી શકે તેની વાત સરસ રીતે સમજાવી હતી. કવયિત્રી બહેનો માટે નજીકના ભવિષ્યમાં કાવ્યલેખનની કલા

વિકસાવવાનો બે - ત્રણ દિવસનો પદ્ધતિસરનો તાલીમવર્ગ (વર્કશોપ) યોજવાનો સંકલ્પ થયો હતો. શિશુવિહાર બુધસભાના સંચાલક તખ્તસિંહજીભાઈ પરમારના વરદહસ્તે મુશાયરાની શ્રેષ્ઠ કાવ્યકૃતિઓને ગુણવત્તાના ધોરણે પુરસ્કૃત કરવામાં આવેલ શ્રી પરમાર સાહેબે સાહિત્ય અને સંસ્કાર ક્ષેત્રે ભાવેણાની બહેનો આગવું સ્થાન ધરાવે તેવી શુભેચ્છા પ્રગટ કરી હતી. આ પ્રસંગે ગયા વરસના કવયિત્રી મુશાયરામાં રજૂ થયેલાં કાવ્યોની 'જાહ્નવી સ્મૃતિ' પુસ્તિકા પ્રગટ કરવામાં આવેલ છે. તેની પડતર કિંમત રૂ. ૮ છે. દર વર્ષે ઉજવાતા આ કાર્યક્રમમાં સ્વ. ભાગીરથીબેનના સંસ્કારી પરિવાર તરફથી મળેલા કાયમી સહયોગ બદલ આભાર.

**શિશુવિહારનાં બે નવાં પ્રકાશનો :** (૧) સરદાર બનશું કે દિલદાર? લેખક : ડોક્ટર મહેરવાન એમ. ભમગરા, કુદરતી ઉપચારોના ઊંડા અભ્યાસી અને પ્રખર હિમાયતી. આમ જનતાના આરોગ્ય માટે કુદરતી ઉપચારોના વિશ્વ વિખ્યાત સાધક અને ઉપાસક. પડતર કિંમત : ટપાલ રવાનગી સાથે રૂ. ૩-૫૦ (૨) દેવનાં દીધેલ : યોજક : પ્રેમશંકર ન. ભટ્ટ. નિયામક શૈક્ષણિક વિભાગ. શિશુવિહાર ચિત્રકાર : વિનાયક પંડ્યા. જન્મથી ત્રણ વરસ સુધીનાં બાળકના જીવનવિકાસની નોંધનું સચિત્ર પુસ્તક. પડતર કિંમત ટપાલ રવાનગી સાથે રૂ. ૫

### ડિસેમ્બર

**સંસ્થાના ટૂંકા સમાચાર :** વિચાર ગોષ્ઠિ : વડોદરાની સેન્ટર ફોર રૂરલ કેર ના સંચાલક ડો. નાનકભાઈ ભટ્ટે ગ્રામ વિસ્તારમાં કામ કરતી સંસ્થાઓના સર્વાંગી વિકાસની યોજના ઘડવા શિશુવિહારમાં તા. ૨૨ એ વિચાર ગોષ્ઠિનું આયોજન કર્યું હતું. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. વિદ્યુતભાઈ જોષીએ આ વિચાર ગોષ્ઠીનું પ્રમુખસ્થાન લીધું હતું. તેમાં ગુજરાતની જુદી જુદી ૩૦ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત ભાવનગરની સ્થાનિક સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. મહેમાનો માટે રહેવા - જમવાની વ્યવસ્થા સંસ્થાએ કરી હતી.

**સ્કાઉટ પ્રવૃત્તિ :** ખરી કમાઈ સપ્તાહમાં આ વખતે શિશુવિહારના સ્કાઉટ તથા ગાઈડે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. રૂ. ૧૪૬૮ ની ખરી કમાઈ કરી. તેના પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાય ગયો. તે પ્રસંગે એક રેલીનું પણ આયોજન થયું. આ રેલીને મુ માનભાઈ ભટ્ટે ધ્વજ ફરકાવી ખુલ્લી મૂકી હતી. પ્રમાણપત્ર વિતરણ તેમજ મોમેન્ટો વિતરણ શ્રી બાલકૃષ્ણભાઈ શુકલને વરદ હસ્તે થયું. શિશુવિહારમાં વાર્ષિક વૃદ્ધજન સન્માન સમારંભ થયો. તેમાં સંસ્થાના સ્કાઉટ ગાઇડ અને રોવર્સ સ્વયંસેવક તરીકે ફરજ



બજાવેલ. નેશનલ એડવેન્ચર ઈન્સ્ટીટ્યુટ, પંચમઢી-મધ્યપ્રદેશ ખાતે ૭૫મો એડવેન્ચર કેમ્પ તા. ૧૬ થી તા. ૨૫ દરમિયાન પ્રથમ સાર્ક પ્રોગ્રામ તરીકે ઉજવાયો. તેમાં ભારત ઉપરાંત બાંગલા દેશના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો. પંચમઢીના આ કેમ્પમાં શિશુવિહારના રોવર્સ મુંજાલ મહેશચંદ્ર

## ઉદ્યોગોની સામાજિક જવાબદારીના વહનમાં મદદરૂપ થતી શિશુવિહાર સંસ્થા

ઉદ્યોગો પોતાના સ્થાપિત વિસ્તારની આસપાસ સમાજ જીવનને વધુ સુવિધાપૂર્ણ તથા વિકાસલક્ષી બનાવી શકે તે માટે ઉદ્યોગોને પોતાના નફાના ૨% સમાજકાર્ય માટે ઉપયોગમાં લેવાની અનુકૂળતા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. ઉદ્યોગો અને સંસ્થાઓની જવાબદારી સાથે સેવાભાવી સંસ્થા તરીકે શિશુવિહાર અનન્ય નિષ્ઠા અને પ્રામાણિકતાથી ઉદ્યોગોને નિર્ધારીત લક્ષાંકો સુધી સુપેરે પહોંચાડવામાં પ્રતિબદ્ધ રહે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં શિશુવિહાર સંસ્થા દ્વારા ૧૩ ઔદ્યોગિક એકમો સાથે એક્ટિવિટી કરી શકયાં છીએ. નીચેની વિગતે યોજાએલ પ્રવૃત્તિ દ્વારા ગરીબ સમુદાયની સેવા કરવા માટે આપેલ તક માટે સંસ્થા ઉદ્યોગોનો અને વિવિધ એકમોનો આભાર માને છે.

**૧. સુમિટોમો કેમીકલ ઈન્ડિયા લિ.ભાવનગર :** પ્રતિવર્ષ ૮૦૦૦ લાભાન્વિતો માટે કાર્યરત આરોગ્ય કેન્દ્ર

**૨. એગ્રોસેલ, ભાવનગર :** ઘોઘા ભાલના કાંઠા વિસ્તારના પ્રતિવર્ષ આરોગ્ય શિબિર

**૩. નિરમા લિમિટેડ ભાવનગર :** ભાલ કાંઠાના વિસ્તારમાં પ્રતિવર્ષ આરોગ્ય શિબિર, આંગણવાડીમાં પોષક આહાર અભિયાન

**૪. સાગર સ્ટીવીડોર્સ પ્રા.લિ. :** વયસ્ક નાગરિકો પ્રતિવર્ષ ૫૪ આંખ તપાસ શિબિર અને ચશ્માં વિતરણ

**૫. માઈક્રો સાઈન -ભાવનગર :** આરોગ્ય વર્ધક: ઉકાળા-વિતરણ: પ્રતિવર્ષ લાભાન્વિત નાગરિકો- ૮૫૨૫

**૬. શિવાનંદ આઈ હોસ્પિટલ- વીરનગર :** પ્રતિવર્ષ ૨૪ નેત્રયજ્ઞ થકી ૫૪૦૦ દર્દીઓની આંખ તપાસ તથા જરૂરીયાતમંદ ૫૫૦ દર્દીઓને વિનામૂલ્યે કેટ્રેક સર્જરીની સેવા

**૭. જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટી -ભાવનગર :** શહેર તેમજ ગ્રામ્ય

વિસ્તારની ૭૮ શાળાઓમાં ભણતા બાળકોને જરૂરીયાત અનુસાર નંબર મુજબના ચશ્માનું વિતરણ

**૮. શ્રી ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ :** ગાંધી વિચારસરણી સાથે શિક્ષણ લેતી ગામડાંઓની ૧૦ શાળાઓની ૨૦૦ બહેનોને પ્રતિવર્ષ રૂ.૬લાખની શૈક્ષણિક સહાય

**૯. ધીરજલાલ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ- મુંબઈ :** શ્રમિક પરિવારોને સીવણ સંચા સહાય

**૧૦. રોટરી કલબ ઓફ ભાવનગર,રોટરી રાઉન્ડ ટાઉન કલબ ભાવનગર :** શ્રમિક પરિવારોને રોજગાર સાધન સહાય

**૧૧. વાઘબકરી ફાઉન્ડેશન:** નગરપાલિકાની ૫૪ શાળાઓમાં આરોગ્ય શિબિર, ૪૦ શાળા-ઉદ્યોગોમાં આપત્તિ નિવારણ તાલીમ,સિનિયર સિટીજન કેરટેકર તાલીમ

**૧૨. શ્રી સહજાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી કોલેજ:** પ્રતિવર્ષ ૫૦૦૦ થી વધુ જરૂરિયાતમંદ માટે સ્થાપેલ ફિઝિયોથેરાપી-ફિટનેસ સેન્ટરનું સંચાલન

**૧૩. સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક હોસ્પિટલ :** પ્રતિવર્ષ ૭૦૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓ માટે સ્થપાયેલ સારવાર કેન્દ્રનું સંચાલન

**૧૪. ભાવનગર મહાનગરપાલિકા શિક્ષણ બોર્ડ :** પ્રતિવર્ષ ૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે બાળ વાંચનાલય, ચિત્ર અને વાર્તા સ્પર્ધા, ૧૭૦૦ અ-સહાય બાળકો માટે શૈક્ષણિક સાધન સહાય

## : સાભાર સ્વિકાર :

રોટરી કલબ ઓફ ભાવનગર રાઉન્ડ ટાઉન દ્વારા શિશુવિહાર સંસ્થાને ૨૦ સીવણના સંચા ભેટ મળેલ છે. તેમજ પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાનમાં યોગદાન આપતી શ્રમિક બહેનોને રોજગારી અર્થે સીવણ સંચા આપનાર સંસ્થાઓનો શિશુવિહાર આભાર માને છે. તેમ આઝાદીના અમૃતકાળ પ્રસંગે ૧,૭૫,૦૦૦ કાપડની થેલી તૈયાર કરવાનો સંકલ્પ લેનાર તાલિમાર્થી બહેનોને અભિનંદન.





REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિગ એકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

**SCAN & PAY**

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar    Shishuvihar Bhavnagar
Shishuvihar    Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઇન્દિરાબેન ભટ્ટ, અનિલભાઇ બોરીચા, સૃષ્ટિબેન સોલંકી, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઇ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199